# કાશ્મીર-હિમાચલમાં ભારે હિમવર્ષા

## સૈંકડો વાહનો હાઈવે ઉપર અટવાયા : હિમાચલમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ બરફની મજા માણવા ઊમટી પડ્યાં

શ્રીનગર,તા. ૧૬

જમ્મુ કાશ્મીરના ઘણા ભાગોમાં ભારે હિમવર્ષા થઈ છે જેના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ૩૦૦ કિલોમીટર લાંબા શ્રીનગર-જમ્મુ હાઈવેને નવેસરથી હિમવર્ષાના કારણે બંધ કરી દેવાની ફરજ પડી છે. રાજમાર્ગને બંધ કરી દેવામાં આવતા સૈકડોની સંખ્યામાં વાહનો અટવાઈ પડ્યા છે. સત્તાવાર સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે બનીહાલ સેક્ટરમાં ભારે હિમવર્ષા થતાં ચારેબાજુ બરફની ચાદર ફેલાઈ ગઈ છે. જમ્મુ પ્રદેશમાં રામબાગ જિલ્લાના શહેરી વિસ્તારમાં ભેખરો ધસી પડવાના બનાવો પણ બન્યા છે. શ્રીનગર-જમ્મુ રાજમાર્ગને બંધ કરી દેવાની ફરજ પડી છે. સાવચેતીના પગલાં રૂપે આ નિર્ણય લેવામાં આવ્યો છે. હાઈવેને વાહન વ્યવહાર માટે બંધ રાખવામાં આવ્યો છે. પ્રવાસ આગળ વધારવા કેટલીક સૂચનાઓ આપવામાં આવી છે. પ્રવાસ હાથ ધરવાની યોજના ધરાવતા લોકોને ટ્રાફિક કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા માટે કહેવામાં આવ્યું છે. હાઈવેની સ્થિતિ અંગે માહિતી આપવા શ્રીનગર અને જમ્મુમાં જુદા જુદા કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યા છે. શ્રીનગર-જમ્મુ હાઈવે દેશના અન્ય ભાગોને જોડનાર એક માત્ર રાજમાર્ગ છે. તમામ જરૂરી ચીજવસ્તુઓનો



પુરવઠો કાશ્મીરમાં હાઈવે મારફતે જ પહોંચે છે જેથી કોઈપણ પ્રકારની હાઈવે ઉપર અડચણ થવાથી ચીજવસ્તુઓના ભાવ પણ આસમાને પહોંચી જાય છે. બે-ત્રણ દિવસમાં તેનો અનુભવ લોકોને થવા લાગે છે. બીજી બાજુ હિમાચલમાં પણ હિમવર્ષા થઈ છે. હિમવર્ષાના કારણે ઠંડીનું મોજું ફળી વળ્યું છે. પંજાબ, હરિયાણાના ભાગોમાં પણ વરસાદ પડ્યો છે. મનાલીથી પ્રાપ્ત અહેવાલ મુજબ હિમાચલમાં પહાડી વિસ્તારોમાં વરસાદ અને ઊંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે જેથી તાપમાનમાં એકથી બે ડિગ્રી સુધીનો ઘટાડો થયો છે. મનાલી, કાલપા, કેલોંગના ઊંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. ઘણી જગ્યાએ બરફની ચાદર છવાઈ ગઈ છે. સૈંકડો પ્રવાસી મનાલીમાં ઊમટી પડ્યા છે.

# આવાસ લોન ઉપર ટેક્સ રાહતો આપવા રજૂઆત

નવી દિલ્હી,તા. ૧૬

બજેટ આડે ખૂબ ઓછી દિવસો રહ્યા છે ત્યારે રજૂઆતોનો સિલસિલો જારી રહ્યો છે. હવે આવાસ મંત્રાલય દ્વારા હોમલોન ઉપર ટેક્સ રાહતોમાં વધારો કરવાની રજૂઆત કરી દેવામાં આવી છે જેથી આવનાર દિવસોમાં હોમ લોન પર લોકોને રાહત મળશે. સાથે સાથે મકાન ખરીદવાનું સ્વપ્ન પણ પરિપૂર્ણ થઈ શકશે. આવાસ મંત્રાલય દ્વારા હોમલોન ઉપર કરવેરા કપાત મર્યાદા પ્રવર્તમાન ૧.૫૦ લાખથી વધારીને વર્ષ ૨૦૧૩-૧૪ના કેન્દ્રીય બજેટમાં બે લાખ કરી દેવા માંગણી કરી છે. આનાથી ઊંચા વ્યાજદરના કારણે પરેશાન રહેલા સામાન્ય લોકોને રાહત થઈ શકે છે અને મકાન ખરીદવાની યોજના વધુ સારી રીતે બનાવી શકાય છે. આ હિલચાલથી હાઉસીંગ સેક્ટરને પણ વધુ પ્રોત્સાહન મળી શકે છે. કારણ કે હાઉસીંગ સેક્ટરની હાલત હાલમાં સારી દેખાઈ રહી નથી. મકાનોની કિંમતમાં ઉલ્લેખનીય વધારો થઈ રહ્યો છે. નાણાંમંત્રાલયને લખવામાં આવેલા પોતાના પત્રમાં હાઉસીંગ મંત્રાલયે રેન્ટલ ઈન્કમ માટે સ્ટાન્ડર્ડ ડિડેક્શનમાં પ્રવર્તમાન ૩૦ ટકાના બદલે ૪૦ ટકા કરવા માંગ કરી છે.

આ ઉપરાંત હાઉસીંગની તંગીને દૂર કરવાનો માર્ગ મોકળો થશે. કેપીટલ ગેન ટેક્સમાંથી મુક્તિની માંગ પણ કરવામાં આવી રહી છે. આવા સેક્ટર દ્વારા પોતપોતાની રીતે વિશેષ વ્યવસ્થા કરવાની રજૂઆત કરવામાં આવી રહી છે. હાલમાં આવાસની ખરીદી કરનાર વ્યક્તિને એક પ્રોપર્ટીની ખરીદી કરવા પર કેપીટલ ગેન ટેક્સમાંથી મુક્તિ મળી શકે છે. આ મામલામાં પણ વધુ માહિતી આપવાની રજૂઆત કરવામાં આવી રહી છે. નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરનાર છે. આને લઈને તમામ મંત્રાલય દ્વારા પોતપોતાની રજૂઆત કરી દેવામાં આવી છે. જુદા જુદા ક્ષેત્રો દ્વારા પોતાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે. હવે હાઉસીંગ મંત્રાલય દ્વારા પણ પોતાની દરખાસ્તો રજૂ કરી દેવાઈ છે.

## પોન્ટી હત્યા કેસ : નામધારી, અન્ય નવની સામે ચાર્જશીટ

નવી દિલ્હી,તા. ૧૬

પોન્ટી હત્યા કેસના મામલામાં પોલીસે આજે ઉત્તરાખંડ માઈનોરિટી કમિશનના હકાલપટ્ટી કરવામાં આવેલા ચેરમેન એસએસ નામધારી, તેમના પર્સનલ સિક્યુરીટી ઓફિસર સચિન ત્યાગી અને અન્યો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. શરાબ સમ્રાટ પોન્ટી ચઢ્ઢા અને તેમના ભાઈ હરદિપની હત્યા સાથે સંબંધિત કેસમાં આ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. નામધારી અને અન્ય નવ સામે ચાર્જશીટ દાખલ કરાયા બાદ ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. ૧૭મી નવેમ્બર ૨૦૧૨ના દિવસે શૂટઆઉટમાં દક્ષિણ દિલ્હીમાં છતરપુર ખાતેના ફાર્મ હાઉસમાં પોન્ટી અને તેના ભાઈ બંને માર્યા ગયા હતા. સંપત્તિ વિવાદને લઈને તેમની વચ્ચે ગોળીબાર થયો હતો. પોલીસે એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ મુકેશ કુમાર સમક્ષ ચાર્જશીટ દાખલ કરી હતી. ચાર્જશીટ દાખલ કરવા માટે ફરજિયાત ૯૦ દિવસની અવધિ ૧૭મી ફેબ્રુઆરીના દિવસે એટલે કે આવતીકાલે પૂરી થઈ રહી છે. ચાર્જશીટ દાખલ કરવા માટેની ૯૦ દિવસની અવધિ પૂરી થાય તેના એક દિવસ પહેલા સાવધાનીપૂર્વક પોલીસે ચાર્જશીટ દાખલ કરી હતી જેમાં નામધારી અને અન્ય નવના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાંચે નામધારી, તેમના પીએસઓ સચિન ત્યાગી અને અન્ય આઠની ધરપકડ કરી લીધી હતી. આ કેસમાં તેમની ભૂમિકા બદલ તેમની ધરપકડ કરવામાં આવી હતી. ચાર્જશીટ દાખલ કરાયા બાદ નામધારી અને અન્યો સામે સકંજો વધુ મજબુત બનાવવામાં આવ્યો છે.

# હેલિકોપ્ટર સૌદાબાજીની વિગત આપવા ઈટાલીનો સ્પષ્ટ ઈન્કાર

નવી દિલ્હી,તા. ૧૬

ભારે ચર્ચા જગાવનાર વીવીઆઈપી હેલિકોપ્ટર કૌભાંડ કેસમાં સુનાવણી ચલાવી રહેલી ઈટાલિયન કોર્ટે આ મામલામાં તપાસ કરવા સાથે સંબધિત દસ્તાવેજો માટે ભારતની વિનંતીને ફગાવી દીધી છે અને દલીલ કરી છેકે આ મહિતી ખુબજ ગુપ્તતા ધરાવે છે. સંરક્ષણ મંત્રાલય દ્વારા ઈટાલીના સંયુક્ત સચિવને મોકલવાની પણ હિલચાલ હાથ ધરવામાં આવી છે. ઈટાલિયન કંપની ઓગસ્ટા વેસ્ટલેન્ડ પાસેથી આઈએએફ માટે ૧૨ હેલિકોપ્ટરો મેળવવામાં ભ્રષ્ટાચારનો મામલો સપાટી પર આવી ચુક્યો છે. હવે ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે સંબંધિત શક્ય તેટલા વધુ પુરવા એકત્રિત કરવાની હિલચાલ ચાલી રહી છે. રોમમાં ભારતીય દૂતાવાસે ૧૩મી ફેબ્રુઆરીના દિવસે તપાસની વિગતો અને દસ્તાવેજો માટે વિનંતી કરી હતી. ફિનેમેકાનિકાના વડાની ધરપકડ કરવામાં આવ્યા બાદ સમગ્ર મામલો પત્રમાં જજે કહ્યુ છે કે તપાસ ચાલી રહી છે. આ તપાસ હાલ પ્રાથમિક તબક્કામાં છે જે દરમિયાન પિનલ પ્રોસિડરની કલમ ૩૨૯ મુજબ



સપાટી પર આવ્યો છે. ઓરસીની ધરપકડ કરવામાં આવ્યા બાદ તેમની પૂછપરછ ચાલી રહી છે. તેમની ધરપકડ કરાયા બાદ ૩૬૦૦ કરોડ રૂપિયાની સૌદાબાજીમાં ૩૬૦ કરોડ રૂપિયાની લાંચ ચૂકવવામાં આવી હોવાની બાબત સપાટી પર આવી હતી. રોમમાં ભારતીય દૂતાવાસને આજે ઈટાલીમાં પ્રાથમિક તપાસ ટ્રિબ્યુનલના જજ તરફથી માહિતી મળી હતી કે ભારતીય વિનંતીનો જવાબ આપવાની બાબત શક્ય નથી. ભારતીય દૂતાવાસ દ્વારા મળેલા તમામ માહિતી અતિ ગુપ્ત રાખવામાં આવી છે. માત્ર પક્ષો અને સંબંધિત વકીલોને જ માહિતી અને દસ્તાવેજોના મુલ્યાંકનની મંજુરી આપવામાં આવી છે. ઈટાલિયન જજે એમ પણ કહ્યુ છે કે ભારતીય દૂતાવાસની વિનંતીને એક વખતે ગુપ્તતાની બાબતોને પૂર્ણ કરી લેવામાં આવશે ત્યાર બાદ વિચારવામાં આવશે. ભારે ધાંધલ ધમાલ વચ્ચે ભારત સરકારે આ કેસને સીબીઆઈ તપાસનો આદેશ પહેલાથી જ આપી દીધો છે.

## જેટલી મામલે શિંદેએ ખુલાસો કરવો જોઈએ

નવી દિલ્હી,તા. ૧૬

અરૂણ જેટલી પર નજર રાખવાના મામલે સરકારની ઝાટકણી કાઢતા ભાજપે આજે કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલ કુમાર શિંદે પાસેથી સ્પષ્ટીકરણની માંગ કરી હતી અને કહ્યુ હતુ કે શિંદેએ તેમના કોલની વિગતો એકત્રિત કરવા કોણે આદેશ આપ્યો હતો તે અંગે પૂરતી માહિતી આપવી જોઈએ. ભાજપ પ્રમુખ રાજનાથ સિંહે આ મામલાને ખૂબજ ગંભીર તરીકે ગણાવીને માંગ કરી હતી કે આ મામલામાં સામેલ તમામ લોકોને સપાટી પર લાવવા જોઈએ અને તેમની સામે કાર્યવાહી થવી જોઈએ. સિંહે કહ્યુ હતુ કે વધુ તપાસ ચાલી રહી છે. આ કૃત્યમાં જે કોઈ પણ વ્યક્તિ સામેલ છે તેની સામે પગલા લેવા જોઈએ. આવી ગેરરીતિ આચરીને કોલ ડિટેઈલ મેળવવાનું સાહસ કરવામાં આવ્યુ છે જે ખૂબજ ગંભીર મામલો છે. પક્ષના પ્રવક્તા પ્રકાશ જાવડેકરે કહ્યુ હતુ કે ભાજપ આ સમગ્ર મામલાને કઠોર શબ્દોમાં વખોડે છે. ગૃહ મંત્રીએ આ સંબંધમાં સ્પષ્ટતા કરવી જોઈએ. જેટલીના કોલ ડિટેઈલ અંગે માહિતી એકત્રિત કરવા સૂચના કોની હતી તે અંગે તપાસ થવી જોઈએ. આગામી દિવસોમાં અરૂણ જેટલીના કોલ ડિટેઈલના મામલે રાજકીય ગરમી વધી જાય તેવી શક્યતા છે. પ્રવક્તાએ કહ્યુ હતુ કે આમે યાદ અપાવવા માંગીએ છીએ કે હાલમાં કોઈ ઈમરજન્સીના દિવસો નથી.

### એનપીએફના ઉમેદવાર સામે નવી મુશ્કેલી

## નાગાલેન્ડ : હેલિકોપ્ટરમાંથી એક કરોડ રોકડ રકમ કબજે

કોહીમા,તા. ૧૬

ચૂંટણી પંચની એક તપાસ ટૂકડીએ આજે હેલિકોપ્ટરમાંથી એક કરોડ રૂપિયાની રોકડ રકમ કબજે કરતા સનસનાટી મચી ગઈ હતી. ચૂંટણી વાળા રાજ્યમાં નાગાલેન્ડ પીપલ્સ ફ્રન્ટ(એનપીએફ)ના ઉમેદવાર દ્વારા ઉપયોગ કરવામાં આવેલા




હેલિકોપ્ટરમાંથી એક કરોડ રૂપિયાની રોકડ રકમ મળી આવી હતી. ચૂંટણી પંચ દ્વારા નિમવામાં આવેલી નિરિક્ષકોની ટીમે રોકડ રકમ કબજે કરી હતી. આ હેલિકોપ્ટર લોંગલેન્ગ જિલ્લામાં એક મત વિસ્તારમાંથી વિધાનસભાની ચૂંટણી લડી રહેલા નેમલી ફોમ માટે આ હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. ચૂંટણી પંચની ટીમે આવકવેરા વિભાગ અને પોલીસ અધિકારીને આ ઘટનાક્રમ અંગે જાણ કરી દીધી છે. જરૂરી પગલા માટે આવકવેરા વિભાગ અને પોલીસે પોતા પોતાની ટીમ મોકલી દીધી છે. સૂત્રોનું કહેવું છેકે ઉમેદવારને હવે આ જંગી રકમના ઉપયોગ અને સોર્સ અંગે માહિતી આપવા કહેવામાં આવશે. ત્યારબાદ નિવેદન નોંધવામાં આવશે. નિવેદન નોંધવામાં આવ્યા બાદ યોગ્ય નિર્ણય લેવામાં આવશે. ચૂંટણી પંચની ટીમે રોકડ રકમ લઈ જવા તેમના ઉમેદવારો માટે સૂચના જારી કરવા રાજકીય પક્ષો સામે માર્ગદર્શિકા જારી કરી દીધી છે. બેંકિંગ ચેનલ મારફતે લેવડ દેવડ કરવાની પણ સૂચના આપવામાં આવી છે. નાગાલેન્ડમાં ૬૦ સભ્યોની વિધાનસભા માટે ૨૩મી ફેબ્રુઆરીના દિવસો મતદાન યોજાનાર છે. ચૂંટણી પંચે ગેરકાયદે નાણાંના પ્રવાહને રોકાવા માટે રાજ્યમાં ખર્ચ નિરિક્ષકોની એક ટીમની નિમણૂંક કરી છે. મતદાન પહેલા ઉમેદવાર દ્વારા મતદારોને આકર્ષિત કરવા માટે નાણાંનો ઉપયોગ ન કરે તે હેતુસર પ્રયાસ થઈ રહ્યા છે. ચૂંટણી પંચ દ્વારા નિમવામાં આવેલી ટીમો ચૂંટણીના અનુસંધાનમાં પેઈડ ન્યૂઝના બનાવોને રોકવા ચાંપતી નજર રાખી રહી છે. નાગાલેન્ડમાં આ બનાવને લઈને રાજકીય પક્ષોમાં ખળભળાટ મચી રહ્યો છે. એક કરોડ રૂપિયાની રોકડ રકમ બાતમીના આધાર પર તપાસ કરાતા હેલિકોપ્ટરમાંથી કબજે કરવામાં આવી હતી.

# દિલ્હી પોલીસે ચોરી કરતી સગીર ટોળકી ઝડપી પાડી

નવીદિલ્હી,તા. ૧૬

દક્ષિણ જિલ્લા પોલીસનાં સ્પેશિયલ ટાસ્કફોર્સે ટાયર પંચર કરતી એક ટોળકીનાં ત્રણ સગીરોને પકડ્યા છે. આ સગીરો પાસેથી લગભગ એક કરોડ રૂપિયાનાં ઘરેણાં જપ્ત કરવામાં આવ્યા છે. આ ટોળકીના તમામ સાગરીતોની ઉંમરો ૧૪ થી ૧૭ વર્ષ વચ્ચેની છે.

દિલ્હીનાં દક્ષિણ જિલ્લા ડીસીપી છાયા શર્માએ જણાવ્યું છે કે, દિલ્હીમાં હાલના દિવસોમાં ગાડીઓના ટાયર પંચર કરીને બેગ તેમજ ઘરેણાંની ચોરી કરવાનાં અનેક બનાવો સામે આવી રહ્યા હતાં તેથી સ્પેશિયલ ટાસ્કફોર્સે એક ટીમ બનાવીને ઘનિષ્ઠ તપાસ હાથ ધરી હતી. તપાસમાં સામે આવ્યું છે કે, મદનગીરનો રહેવાસી એક સગીર છોકરો ટાયર પંચર ટોળકી ચલાવી રહ્યો છે. પોલીસ ટીમે પુષ્પવિહારનાં સેક્ટર-પમાં આવેલાં ડીડીએ પાર્ક પાસે નાકાબંદી કરીને ત્રણ સગીરોને પકડી લીધાં છે. આ તમામ સગીરો દિલ્હી એનસીઆરમાં ઘટનાને અંજામ આપતાં હતાં. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સગીર આરોપીઓ એવા વાહનોને શિકાર બનાવતા હતાં જેમાં ડ્રાઈવર એકલો જ હોય અને ગાડીમાં બેગ કે ટીવી અન્ય કિંમતી સામાનની વસ્તુઓ રાખેલી હોય. લાલ લાઈટથી થોડા અંતરે ખિલ્લીઓ ફેંકીને આ ટોળકીનાં સભ્યોને ગાડીઓના ટાયર પંચર કરી દેતા હતાં અને લાલ લાઈટ પર ગાડી થોભે ત્યારે વાહનચાલકને ટાયર પંચર હોવાની જાણકારી આપતા હતાં. ચાલક જેવો ગાડીમાંથી ઉતરીને ટાયર જોવા જાય ત્યારે ગાડીમાં પડેલો કિંમતી સામાન લઈને પલાયન થઈ જતા હતાં. આ સગીરો પાસેથી પોલીસને હીરા અને સોનાની ૩૪ વીંટી, ૧૦ સોનાનાં કડા, ૧૨ સોનાની ચેઈન, ૭ નંગ સોનાનાં વજનદાર બ્રેસલેટ, એક સોનાનો બેલ્ટ, એક ચાંદીની ટ્રે, ૩૦ નંગ સોનાની નાની ચેઈન તેમજ સોના-ચાંદીનાં અન્ય ઝવેરાત સહિત એક બાઈકનો મુદ્દામાલ કબજે કર્યો છે.

## આતમ ગોષ્ઠિ (પાના નં. ૪ નું ચાલુ)

સફળત પ્રારંભિક પ્રયત્ન પર નિર્ભર છે. તેમાં બાંધછોડ ના કરો. પવિત્રતામાં કૂદી પડો, એક પાગલ છલાંગમાં જ પોતાને પરમાત્મારૂપ સાગરમાં સિંધુમાં ડૂબાડી દો, આત્મા જ પરમ લક્ષ્ય છે. પદાર્થોનાં સ્વભાવ એ પ્રકાશ સ્વરૂપ પરમાત્માનાં જ એક કિરણથી વિશેષ બીજું કશું જ નથી. સમગ્ર દશ્ય - અદશ્ય જગત પરમાત્માની જ અભિવ્યક્તિ છે. ઝડપ કરો, કયાંક તમારે પશ્ચાતાપ ન કરવો પડે. ધાર્મિક લગન અને પ્રબળ શ્રધ્ધા રૂપ ઘોડાને ચાબૂક મારો. જો જરૂરી હોય તો, તમારૂં અસ્તિત્વ જ ખાલી કરી નાંખો. તમારાં માર્ગમાં કોઈ પણ વિઘ્નને ટકવા ન દો. તમારૂં લક્ષ્ય સંયોગને આધિન નથી. તમારી આત્મિક શક્તિ અને વિશ્વાસની સાથે માર્ગમાં અગ્રેસર રહો, કારણ કે તમારૂં લક્ષ્ય સત્ય છે. વસ્તુતઃ જે છો તે તમે સ્વયં છો, સ્વતંત્ર છો. આત્માનુભવની ભાષામાં 'શક્તિ' સમાન મૂલ્યવાન કોઈ શબ્દ નથી શરૂઆતમાં, અંતમાં અને હંમેશાં તમે સદા શક્તિમાન બનો. દેવ - દાનવ, સ્વર્ગ-નરક એ બધાંથી (નિર્ભય) થઈને પથમાં અગ્રેસર રહો.

(ક્રમશઃ)

## શ્રુતિ બંધનમ્ (પાના નં. ૪ નું ચાલુ)

સૃષ્ટિમાં માનવ અને તેમાં થયેલો વધારો... બુધ્ધિની નવી ક્ષિતિજો થકી આજે દુનિયામાં ઘણું ઘણું શોધાયું...! માનવ નિતનવો થતો રહ્યો છે...! આકાશમાં ઉડતો થયો અને દુનિયાને મુઠ્ઠીઓમાં ભરીને ચાલવા લાગ્યો...! એટલે જ આપણું સહિયારૂં ગાન હોવું જોઇએ... 'મારે તમને મળવું છે.' આ વાત ખરેખરી માનવ - પશું - પંખી - પર્વત - નદી - ખીણ કે આકાશ-ધરતીને પણ એટલી જ સ્પર્શે છે. હરકોઇની ધડકનમાં છે... 'મારે તમને મળવું છે.' તેમ છતાં આ મેળાપની મસ્તીથી દૂર રહેવાય તો સમજવું કે મારે માટે કયાંક હૂંફ નથી તેવો હું છું અથવા તો મેં જ મારા દરવાજા બંધ કરી દીધા છે કે તેમાં કોઇ પ્રવેશી ન શકે...! નહીં તો આ આનંદથી મેળાપની ક્ષણોને માણવાની દુનિયાનો કોઇ માણસ - રહી ન શકે. સૃષ્ટિના કણે કણમાં, સૂરજના હરેક કિરણમાં અને તારલિયાની ઝગમગતી રોશનીમાં એકમાત્ર મેળાપ - મેળાપ એ મેળાપ જ છુપાયેલો છે. દુનિયાની હરેક ક્ષણ મેળાપની ગતિમાં વહે છે. હવા-પાણી જેવાં તત્ત્વોમાંથી પણ એ જ મિલનની ગતિ...! રંગોની દુનિયા કે કલરવની દુનિયામાં એકમાત્ર મિલન છે, મેળાપ છે. શબ્દના પ્રાગટ્યમાં અને આરતીનાં ઘંટારવમાં પણ મિલનનો રણકાર છે, મેળાપનો અણસાર છે. પંખીની પાંખમાં અને મોરલાની આંખમાં મેળાપનો આનંદ છે. માટીની ગંધમાં અને ફુલોની ખુશબોમાં મેળાપ-મેળાપ અને મેળાપનું જ ગાણું છે...! અને આવી અનેરી અનુભૂતિઓ થકી... 'મારે તમને મળવું છે...' મળશો ને?!

**સ્વીટ રેઇન :**

આકાશમાંથી વરસતો વરસાદ;
ધરતીની તૃપ્તિનું દૃશ્ય;
જેને મન ભરીને જોયું હોય તેને મેળાપ સમજાય.
'મેળાપ'માં હૃદયની ધડકન ત્યાં જરૂર ભરે...!

- સ્વતઃ

## વાત કાનૂન કાયદાની... (પાના નં. ૪ નું ચાલુ)

ગુજરાત સરકારનું સમાજ કલ્યાણ ખાતું અને સામાજિક ન્યાય ખાતું આવી સહાય ચુકવે છે. તેમજ પછાત વર્ગને ઘરનાં ધંધાની સગવડ, શૈક્ષણિક સગવડ, મફ્ત કાનૂની સહાય, આંતરજ્ઞાતિય લગ્ન માટે નાણાંકીય સહાય, વૈદકીય સહાય, પેટ્રોલ, ફૂડ, વિગેરે વેચવા માટે એજન્સીઓ આપવામાં આવે છે. ગુનેગાર સામે રાજયનું ગૃહખાતું, રાષ્ટ્રીય સુરક્ષા ધારા હેઠળ પગલા લઇ શકે છે. તે માટે તા. ૨૦/૧૧/૮૭ તથા ૨૬/૫/૮૭ ના રોજ રાજય સરકારે પરિપત્રો બહાર પાડ્યા છે.

સરકારે કાયદો કર્યો હોવા છતાં અનેક પ્રકારની સહાય દલિતોના નામે આપેલ હોવા છતાં જયાં સુધી દલીત સંગઠનો નહીં થાય, શિક્ષણનું પ્રમાણ વધશે નહીં, જરૂરિયાત વર્ગ સુધી સરકારી યોજનાઓ પહોંચશે નહીં પોતાના અધિકારો પ્રત્યે જાગૃત નથી થાય, પોતાના હક્કો વિશે જ્ઞાન નહીં હોય ત્યાં સુધી આવી યોજનાઓ માત્ર કાગળ ઉપર જ રહેશે. રાજકીય લોકો માત્ર મત ઉઘરાવવાનું જ કાર્ય કરશે.

ઇન્ડિયન સોશિયલ ઇન્સ્ટીટયુટના મત અનુસાર એ માટે સામાજિક ન્યાય સંસ્થા Social Justice Sale ની સ્થાપના કરવી જોઇએ.

રાજકારણીઓની કાંઇ પણ કરવાની અનીચ્છા વહીવટી ઉદાસીનતા અને ગરીબોનાં મુળભૂત હક્કો વિશે એમનું ઘોર અપમાનના કારણે જે લાભો છેલ્લા સ્તરના નાગરિકો સુધી પહોંચવા જોઇએ તે પહોંચતા નથી.

## સમાચાર ઝલક

- રશિયામાં મહાકાય ઉલ્કાઓનું આક્રમણ, ૯૦૦ વ્યક્તિઓને ઇજા, દુનિયાએ કયારેય નિહાળી ન હોય તેવી કુદરતી ઘટના.
- કુંભમેળામાં ભીષણ આગ, એક શ્રધ્ધાળુનું મોત.
- ૨૫ કરોડ મોબાઇલ ગ્રાહકો સંકટમાં, લાઇસન્સ વિનાની કંપનીઓને બંધ કરાવવા પડશે.
- એસ.ટી.૧૪૦૦ બસો નવી વસાવશે, જેમાં ૨૦૦ મીની બસો હશે.
- પાકિસ્તાન દ્વારા ચાર દિવસમાં બીજી વખત મિસાઇલનું કરાયેલું પરિક્ષણ.
- મહાકુંભના વસંતપંચમીના આખરી શાહી સ્નાનમાં બે કરોડથી વધુ શ્રધ્ધાળુઓએ ભાગ લીધો.
- અમેરિકન સંસદમાં મોદીના ગુજરાતના વિકાસના વખાણ થયા.
- પાકિસ્તાનની સૈનિક સરહદ પર ઘૂસણખોરી કરતાં ઠાર મરાયો.
- દેશભરમાં ૧૮ ફેબ્રુઆરીએ સામુહિક સૂર્યનમસ્કારનું અભૂતપૂર્વ આયોજન.
- સુરેન્દ્રનગરના ડો. શુક્લની વિરાટસિધ્ધિ, કોલસ્ટેરોલના ઇલાજની અમેરિકામાં પેટન્ટ.
- થાઇલેન્ડમાં યુગલે સતત અઢી દિવસ સુધી ચુંબન કરી બનાવ્યો વિશ્વ રેકોર્ડ.
- બજેટમાં રૂપિયા ૨૦ લાખ સુધીના મકાનો બાંધવા સસ્તી લોક મળશે.
- કુલુ-મનાલીમાં બરફવર્ષાથી પ્રવાસીઓ ખુશ, સ્થાનિક ખેડૂતો પાક તારાજ થવાથી નિરાશ.
- પ્રોવિડન્ડ ફંડ પર વ્યાજ વધશે.
- સૂરત-અપહરણ બાળકની હત્યા બાદ લોકોમાં રોષ, મહિલા વૃધ્ધો પર પોલીસનો શીતમ
- સંસદની બેઠકમાં ગુજરાતના પ્રશ્નોની રજૂઆત કરવા ૧૦૦ પ્રશ્નાવલી.
- બ્રિટનના વડાપ્રધાન સચિનનાં પ્રશંસક.